ઘોરણ-૧ થી ૮ નાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે હાલ ચુકવવામાં આવતી રકમ રૂ.૩૦૦/- માં રૂ.૩૦૦/- નો વધારો કરી ૩(ત્રણ) જોડી ગણવેશ આપવા માટે સુધારેલ રૂ.૬૦૦/- ની ગણવેશ સહાય ચુકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૮/૨૦૦૮૫/ન.બા.૪૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૫/૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૫/૨૦૧૭-૧૮/૫૪૩-૪૪

ઠ રા વ -

ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૫/૧/૨૦૧૮ ના પત્રથી ઘોરણ-૧ થી ૮ નાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે હાલ ચુકવવામાં આવતી ૨ જોડી ગણવેશ માટે રકમ રૂ.૩૦૦/- માં વધારો કરી ૩(ત્રણ) જોડી ગણવેશ આપવા માટે સુધારેલ રૂ.૬૦૦/- ની ગણવેશ સહાય ચુકવવા બાબતની નવી સેવાની રૂ.૧૫૦૦/- લાખ (અંકે રૂપિયા એક હજાર પાંચસો લાખ) ની જોગવાઇનો વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં માં.ક્ર.:૯૫, મુ.સ. ૨૨૨૫-૦૧-૨૭૭-૦૧ બજેટ સદર હેઠળ સમાવેશ કરવાની વિભાગે રજુ કરેલ દરખાસ્તને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી માટે પ્રસ્તુત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ સહાયની રકમમાં ૩(ત્રણ) જોડી ગણવેશ આપવાના રહેશે.

પ્રસ્તુત ખર્ચ

માંગણી નંબર : ૯૫- આયોજન

મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ

પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ

ગૌણ સદર : ૨૭૭ શિક્ષણ

પેટા સદર : SCW-1 શિષ્યવૃત્તિ અને પૂર્વ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનો (શિષ્યવૃત્તિ, ગણવેશ, સાયકલ વગેરે)

હેઠળ ઉધારવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૧/૪/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર